**સુવિચાર**
સફળ માણસો જીવનના દરેક ક્ષેત્રે વિશિષ્ટ જ્ઞાન મેળવવાનું કદી અટકાવી દેતા નથી
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૧/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
મેથીલાડું
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ પોષ સુદ-૮ વર્ષ : ૧૬ અંક : ૦૨૨

પથરી - પ્રોસ્ટેટ
કીડનીની તકલીફ ?
નિઃશુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૦૯-૦૧-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## બહુચર્ચિત લેટરકાંડની સાથે ખનિજ ચોરીની હકીકત ઉજાગર થતાં

# જાગ્યા ત્યાંથી સવાર : ખનિજ ચોરી સામે તંત્રની લાલ આંખ

**સફેદ બેલા ભરેલ ૧૧, સાદી રેતી ભરેલ ૭, કાર્બોસેલ ખનિજનાં ૧૯ અને ઓવરલોડ ૩ મળી કુલ ૪૦ વાહનો કબ્જે**

**રૂપિયા ૩.૫ કરોડની અધધ રકમનો મુદ્દામાલ જપ્ત કરી વાહનોનાં માલીકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી**

**જિલ્લા કલેકટરની સુચના અને માર્ગદર્શનતળે વિવિધ તાલુકાઓમાં આકસ્મિક તપાસ કરાઈ**

**લેટરકાંડની સાઈડ ઈફેકટથી અનેક પ્રકારની ગેરરીતિ બંધ થઈ જશે તે નકકી**






અમરેલી, તા. ૬

અમરેલીનાં બહુચર્ચિત બનાવટી લેટરકાંડનાં અહેવાલોની સાથે અમરેલી જિલ્લામાં દારૂ અને ખનિજ ચોરીની સ્ફોટક ચર્ચાએ મીડિયા જગતમાં ભેટ લગાવ્યા બાદ અમરેલી જિલ્લાનાં વહીવટીતંત્રમાં દોડધામ મચી ગઈ છે અને રાજયસરકાર કોઈ આકરી કાર્યવાહી કરે તે પહેલા જ તંત્રએ જાગ્યા ત્યાંથી સવાર ગણીને ચેકીંગ પ્રક્રિયા હાથ ધરી છે.

અમરેલીનાં જિલ્લા કલેકટરની સુચના અને માર્ગદર્શન હેઠળ તા. ૬/૧/૨૫ નાં રોજ તંત્ર ધ્વારા અમરેલી જિલ્લાનાં વિવિધ તાલુકાઓમાં ખનિજ ચોરી સબબ આકસ્મિક તપાસની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે સબબ બ્લેકટ્રેપ ખનિજનું બિનઅધિકૃત/ઓવરલોડ વહન કરતા ૧૧ વાહનો, સફેદ બેલા પથ્થરનું બિનઅધિકૃત/ઓવરલોડ વહન કરતા ૭ વાહનો, સાદી રીતે ખનિજનું બિનઅધિકૃત/ઓવરલોડ વહન કરતા ૧૯ વાહનો, કાર્બોસેલ ખનિજનું બિનઅધિકૃત/ઓવરલોડ વહન કરતા ૩ વાહનો એમ કુલ મળી ૪૦ વાહનો, આશરે ૩.૫ કરોડ જેટલો મુદામાલ જપ્ત કરી સદર તમામ વાહનોના માલીકો સામે ગેરકાયદેસર ખનિજ વહન સબબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## ટીવી જોવા જેવી બાબતે માથાકૂટ

# ખાંભાનાં ભગવતીપરામાં પરિણીતા ઉપર પતિ અને દિયરે કર્યો હુમલો

**પરિણીતાને માથાનાં ભાગે લોહી કાઢી ધમકી આપી**

અમરેલી, તા. ૬

ખાંભા ગામે આવેલ ભગવતીપરામાં રહેતી રેખાબેન પ્રવિણભાઈ ચુડાસમા નામની ૨૫ વર્ષિય પરિણીતાને માત્ર દિકરીઓ હોય અને દીકરો ન હોય તે વાતને લઈને તેણીનો પતિ આરોપી પ્રવિણભાઈ હિંમતભાઈ ચુડાસમા અવાર નવાર ઝઘડો કરતા હોય અને તા. ૪ના રાત્રીના તેણીના પતિ દીકરીઓ સાથે ટી.વી.જોવા બાબતે બોલાચાલી કરતા તેણી સમજાવતા આરોપીએ બોલાચાલી કરી ગાળો દઈ પોતાની પત્નિ ઉપર શંકા વહેમ કરી ઝઘડો કરતા હોય. તે દરમ્યાન તેણીનો દિયર મુકેશભાઈ હિંમતભાઈ ચુડાસમા આવી જતા બંને આરોપીએ તેણીને માર મારી ધક્કો મારી દઈ નિચે પછાડી દેતા તેણીના માથાના ભાગે લોહી કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## કળીયુગમાં ભાઈ-ભાઈ વચ્ચે માથાકૂટ

# અમરેલીની ગંગા વિહાર સોસાયટીમાં ભાઈ ઉપર ભાઈએ ધારીયા વડે કર્યો હુમલો

**મિલ્કતનાં હિસ્સા માટે થઈને બઘડાટી બોલી**

અમરેલી, તા. ૬

અમરેલી લાઠી રોડ ગંગા વિહાર સોસાયટીમાં રહેતા ભરતભાઈ વનમાળીદાસ અગ્રાવત પોતે અપરિણીત હોવાથી તેમના ભાઈ ભીખાલાલ વનમાળીદાસ અગ્રાવતની સાથે રહેતા હોય અને આરોપી ભરતભાઈ દસેક વર્ષથી મિલ્કત બાબતે ખોટી રીતે પોતાના ભાઈ પાસે ભાઈએ ભાગ માંગી અવાર-નવાર ઝઘડો કર્યા કરતા હોય. જે વાતનો ખાર રાખી તા. ૪ના રોજ રાત્રીના આઠેક વાગ્યે આરોપીએ પોતાના ભાઈ ભીખાલાલને ધારીયા વડે માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## કડકડતી ઠંડીએ સૌને પરેશાન કરી દીધા

# અરેવાહ : સાવરકુંડલાનાં આંબરડીમાં શ્વાન અને ગાય પણ તાપણાનાં સહારે

**પશુઓ પણ ગામજનોની સાથે તાપણું તાપે છે**



તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

આંબરડી, તા. ૬

અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ફરી એકવાર ઠંડીનો રાઉન્ડ શરૂ થતાં જન જીવન ઉપર સીધી અસર વર્તાઈ રહી છે, ચાર દિવસ સુધી ઠંડીમાં ઘટાડો નોંધાતા લોકોમાં ભારે રાહત હતી પરંતુ ચાર દિવસના બ્રેક બાદ ફરી ઠંડી શરૂ થતાં માનવ જીવ સાથે પશુઓ પણ ધ્રુજી ઉઠયા છે.

સાવરકુંડલાના આંબરડી ગામે લોકો રાત્રે તાપણાં કરી ઠંડીથી બચી રહ્યા છે. લોકો એ કરેલ તાપણાંમાં મોડી રાત્રે ગાયો અને શ્વાન પરિવાર તાપણાં નજીક બેસી સૂસવાટા મારતાં પવન સાથે કડકડતી ઠંડીથી બચવા જાણે પ્રયાસો કરી રહ્યા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. લોકો સાથે પશુઓનો પણ આ પ્રકારે ઠંડીથી બચવા તાપણું કરવાનો નિત્યક્રમ બની ગયો છે.

## પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા

# અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડની તપાસ માટે SITની રચના કરાઈ



અમરેલી, તા. ૬

અમરેલીનાં બહુચર્ચિત લેટર કાંડની તપાસ માટે પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી છે.

ટીમનાં અધ્યક્ષ એ.જી. ગોહીલની સાથે મહિલા પીઆઈ ઈન્દુબા ગીડા, પીએસઆઈ બરવાડીયાની ટીમ દ્વારા પોલીસ તંત્ર સામે પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનીકસ મીડિયામાં ધરપકડ કરવામાં આવેલ આરોપીઓ બાબતે પોલીસ વિરૂધ્ધ કરાયેલ આક્ષેપ બાબતે તટસ્થ તપાસ કરવામાં આવશે.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

"મધુવન" થી રેલ્યો ઉજાસ, સૌન્દર્ય બિખરે ચોપાસ !
MGA
મધુવન
ગોલ્ડ આર્ટ
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792-222208 : 94264 23006
madhuvan gold art @madhuvangold.in

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
Medi Assist Insurance TPA Pvt. Ltd.
SBI general
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz

### અમરેલી નજીકથી સર્વેલન્સ ટીમે આરોપીને ઝડપતા

# બગસરાનાં હાલરીયા ગામે થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો

## આરોપી જગદીશ પરમારની અટકાયત

અમરેલી, તા. ૬

અમરેલી સીટી પોલીસ ઈન્સપેકટરની રાહબરી હેઠળ પોલીસ સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગ દરમ્યાન જગદીશભાઈ કેશુભાઈ પરમાર (હાલ રહે.ગોપાલગ્રામ, તા. ધારી) ને મોટર સાયકલના સ્પેરપાર્ટ જુદા કરી વેંચાણ કરવાનીફિરાકમાંહાજરહોયતેવીહ્યુમન સોર્સનીમદદથીબાતમીમળતાતેઈસમને શંકાસ્પદમોટરસાયકલઅંગેપુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ કે કોઈ આધારરજુકરતોનહોયઅનેસદરમોટર સાયકલ બગસરા તાલુકાના હાલરીયા ગામેથી ચોરી કરેલ હોવાનું જણાવતા અમરેલીસીટીપોલીસદ્વારા ધોરણસર કાર્યવાહીહાથ ધરેલછે.



### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની માંગ

# પાટીદાર સમાજની નિર્દોષ દીકરીને પરેશાન કરનાર અધિકારીઓને ફરજ મોકુફ કરો

## પોલીસ અધિક્ષક સંજય ખરાતને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ પોલીસ અધિક્ષક સંજય ખરાતને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાનાં વિઠ્ઠલપુર ગામની પાટીદાર સમાજની નિર્દોષ દીકરીને લેટર કાંડમાં ખોટી રીતે ફસાવવામાં આવેલ હતી, આ લેટર કાંડમાં દીકરીનો રોલ માત્ર ટાયપિસ્ટ તરીકેનો હતો. છતાં પણ પોલીસે તેને સાક્ષી બનાવવાના બદલે આરોપી બનાવી દીધી હતી, અને જેના અનુસંધાને પોલીસે વિઠ્ઠલપુર ગામે દીકરીના ઘરે જઈને રાત્રે ૧૨ વાગ્યા પછી ભર નિંદ્રામાંથી જગાડીને ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લાવેલ હતી. કોઈ પણ મહિલાની રાત્રે ધરપકડ કરી શકાતી નથી. છતાં પણ પોલીસે કાયદાની વિરૂદ્ધ જઈને દીકરીની ધરપકડ કરી હતી. દીકરીને રાત્રે ધરપકડ કર્યા બાદ વળતાં દિવસે તમારી પોલીસે દીકરીનું જાહેરમાં સરઘસ કાઢીને દીકરીની આબરૂ ઉછાળવાનું કામ કર્યુ હતું. અને આ નિર્દોષ દીકરીના તમારી પોલીસે રિમાન્ડ માંગીને દીકરીને પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો તો આપ અમરેલી જીલ્લાના પોલિસ વડા છો અને આપની જવાબદારી પણ બને છે, પાટીદાર સમાજની નિર્દોષ દિકરીને કાયદા વિરૂદ્ધ રાત્રે તેમના ઘરેથી ધરપકડ કરનાર, દીકરીનું સરઘસ કાઢનાર, દીકરીને માર મારનાર પોલીસ અધિકારીઓ તથા પોલિસ સ્ટાફને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા અંતમાં માંગ કરેલ છે.


### શ્રી કમલેશ બ્રધર્સનાં નામે જાણીતા વેપારી અને

# હેપ્પી બર્થડે : રાજકોટ લોહાણા સમાજ વેવિશાળ ક્ષેત્રનાં પ્રખર સેવાભાવી શ્રી મુકેશભાઈ તન્નાનો આજે જન્મદિવસ

## મિત્રો, શુભેચ્છકો દ્વારા મો.નં. ૯૮૨૫૪ ૩૪૬૩૦ પર અભિનંદનવર્ષા

રાજકોટ, તા. ૬

રઘુવંશી સમાજનાં મોટા ગજાના વેપારી તથા સતત ૪૦ વર્ષોથી વેવિશાળ ક્ષેત્રનાં પ્રખર સેવાભાવી–મેરેજ બ્યુરોથી સેવા આપતા અખંડ ભેખધારી શ્રી કમલેશ બ્રધર્સનાં નામે જાણીતા વેપારી અગ્રણી શ્રી મુકેશભાઈ એચ. તન્નાનો મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૩૪૬૩૦ તા. ૭/૧/૨૫ મંગળવારે જન્મ દિવસ છે. તેઓ ૬૬ વર્ષ પુરા કરી ૬૭માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે મુકેશભાઈ પર તેઓના શુભેચ્છકો, વેપારી મિત્રો, રઘુવંશી અગ્રણીઓ ધ્વારા જન્મ દિવસની શુભેચ્છા–વર્ષા થઈ રહેલ છે.



શ્રી મુકેશભાઈ તન્ના સતત ૩૫ વર્ષથી વેવિશાળ ક્ષેત્રમાં–દિકરા–દિકરીઓના સગપણ કરાવવામાં રેકોર્ડ ધરાવે છે. અત્યાર સુધીમાં ૧૩૦૦૦થી પણ વધુ દિકરા–દિકરીઓના સગપણ કરાવી શ્રી મુકેશભાઈ તન્નાએ તન, મન, ધનથી આ સેવામાં સતત કાર્યરત રહે છે તથા દિકરા–દિકરીને પોતાનું જ સંતાન માની આત્મીય રીતે લગ્નોત્સુક દિકરા–દિકરીનું સગપણ કરાવી આપે છે. તદુપરાંત શિયાળાની સીઝનમાં ધાબળા વિતરણ, અનાજ–કરિયાણાની કીટ વિતરણ, વૃધ્ધાશ્રમમાં અનુદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ તેઓનું અનેરૂ યોગદાન છે.

શ્રી મુકેશભાઈ તન્નાનો સંપર્ક કરવા માટે શ્રી ક્રિષ્ના મોબાઈલ સરદારનગર મેઈન રોડ, એબીસી મેડીકલ સ્ટોરની સામે, રાજકોટ ખાતે સોમવારથી શનિવાર સમય સવારે ૧૧ થી સાંજના ૫ સુધી તથા રવિવારે સવારે ૧૧ થી બપોરના ૩ વાગ્યા સુધી વેવિશાળ માહિતી કેન્દ્રનો સંપર્ક થઈ શકે છે. મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૩૪૬૩૦ તથા ૭૨૨૮૯ ૧૦૬૬૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

શ્રી મુકેશભાઈ તન્નાને જન્મદિવસની શુભેચ્છા.

### વાંઢ ગામનાં સરપંચે મીડિયાને પત્ર પાઠવ્યો

# જાફરાબાદનાં મિતિયાળા ખાતે હાઈકોર્ટનાં મનાઈ હુકમનો અનાદર થતો હોવાની રજૂઆત

## જેટકો દ્વારા હેવી લાઈન પસાર થતી હોવાનું જણાવાયુ

અમરેલી, તા. ૬

જાફરાબાદનાં વાંઢ ગામનાં સરપંચ ''અમરેલી એકસપ્રેસ''ને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે જાફરાબાદના મિતીયાળા ગામે તા. ૧૯/૧૦/૨૦૧૧ના રોજ મંજુર થયેલ બંધારો વાળી જગ્યા પર હાલ (GETCO) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડ દ્વારા સર્વે થયેલ ૩૭૦ (હેકટર) જમીનમાં હાલ મોટા હેવી ઈલેકટ્રીક પોલ પસાર કરી લાઈનો કાઢતા હોય સરકારના દરેક વિભાગોને જાણ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલ જે જગ્યા પરથી લાઈન પસાર કરવામાં આવે છે તે જગ્યા પર જાફરાબાના શાંતુબેન જીણાભાઈ બારેયાની મિતીયાળા ગામે સ.નં.૨૧૩–(૩૫૦) ત્રણસો પચાસ એકર જમીન મીઠાના ઉત્પાદન માટે આપેલ જે કલેકટર અમરેલીએ તેનો હુકમ તા. ૨૦/૮/૨૦૨૦થી રદ કરતા શાતુંબેન તે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જઈ ટેમ્પરરી સ્ટે ઓર્ડર લઈ આવેલ જે મેટર હાલ હાઈકોર્ટમાં ચાલવા પર છે. જેમાં શાંતુબેન જીણાભાઈ બારૈયા દ્વારા કરેલ રીટ પીટીશનમા (૧) કલેકટર અમરેલી (૨) ડેપ્યુટી કલેકટર રાજુલા (૩) તેમજ જમીન મહેસુલ વિભાગ અમદાવાદ વિરૂધ્ધ ફરીયાદ કરેલ હોય.

અને હાલ આ (GETCO) દ્વારા થતી કામગીરી આ ત્રણેય જવાબદાર અધિકારીઓની બનતી હોય અમોએ ફરી. (૧૫) જેટલા જાફરાબાદ તાલુકાના ગામોમાં ખેડુતો સરપંચઓને સાથે રાખી ડેપ્યુટી કલેકટર રાજુલાને ફરી તા. ૩/૧/૨૦૨૫ના રોજ આવેદન પત્ર આપેલ અને થયેલ કામગીરી સ્થગિત કરવા અને તેના વિરૂધ્ધ કાર્યવાહી કરવા જણાવેલ અને આ મેટર કોર્ટ ઓફ કન્ટેન હોય હાઈકોર્ટનો મનાઈ હુકમનું અનાદર કરી બળજબરી પુર્વક કૃત્ય કરતા હોય તો તેના વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંતમાં જણાવેલ છે.

### ૨૦ વર્ષથી સતત ફરજ બજાવતાં શિક્ષકની અન્યત્ર બદલી

# ખાંભા : મોટા બારમણ શાળાનાં શિક્ષકની બદલી થતાં વિદાય સમારંભમાં ભુલકાઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા

## શિક્ષક શૈલેષકુમાર સોલંકીએ બાળકો અને ગામજનોનાં દિલમાં સ્થાન મેળવ્યું



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૬

ગુજરાતીમાં કહેવત છે કે ' એક માતા સો શિક્ષકની ગરજ સારે છે', પરંતુ એક શિક્ષક પણ સો માતાની ગરજ સારી શકે છે. શાળામાં વિદ્યાર્થીઓને પુસ્તકના પાઠની સાથે સંસ્કાર, શિસ્ત સહિત વ્યવહારના પાઠ શીખવે છે. શિક્ષણ, સંસ્કાર અને શિસ્તનો સમન્વય જોવો હોય તો મોટા બારમણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં છેલ્લા ૨૦ વર્ષથી શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ બજાવી રહેલા આચાર્ય શૈલેષભાઈ સોલંકીનાં વિદાય સમારંભમાં જોવા મળ્યો હતો.

આ તકે મોટા બારમણ પ્રાથમિક શાળામાં છેલ્લા ૨૦ વર્ષમાં સેવા આપી ચૂકેલા તમામ પૂર્વ આચાર્ય, શિક્ષકો તેમજ ગામના સામાજિક , રાજકીય તેમજ વિવિધ સમાજના આગેવાનો અને ગ્રામજનોએ ખુબ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આ કાર્યક્રમનો શુભારંભ દીપ પ્રાગટય કરી, સંસ્કૃતિક કૃતિ રજુ કરી ત્યાર બાદ સૌ મહેમાનોનું સન્માન અને શૈલેષકુમારને ભેટ સોંગાદો અને મોમેન્ટો આપી સન્માન કર્યા. આ તકે શાળાના બાળકો ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા તેમજ શાળા સ્ટાફ તેમજ ગ્રામજનો ભાવુક બન્યા હતા અને ખુબ ભારે હૈયે શૈલેષકુમાર સોલંકીને વિદાઈ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રામજનોએ ભારે જેહમત ઉઠાવી હતી.


# સાવરકુંડલામાં નીણ ભરેલ ટાટા ૪૦૭ ગાડીમાં આગ લાગી

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાં આજરોજ સાંજના સાત આસપાસના સમયે અહીં શિવાજી નગર માધવાણીની વાડી વિસ્તારમાં નીણ ભરેલ ટાટા ૪૦૭ ગાડીમાં આગ લાગતાં તાત્કાલિક વોર્ડ કાઉન્સિલર અજયભાઈ ખુમાણ અને પ્રવીણભાઈ સાવજ તેમજ નગરપાલિકાના જાગૃત પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતાં મોટી દુર્ઘટના બનતા ટળી.



# નાના લીલીયા ખાતે કોમી એકતાના પ્રતિક અશરફ મિયાં બાપુનો ઉર્ષ મુબારક ઉજવાશે



લીલીયા મોટા, તા. ૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ નાના લીલીયાની સરજમી ઊપર કોમી એકતાના પ્રતિક એવા સરકાર અશરફ મિયાંબાપુ (દાદા બાપુ) નો ઉર્ષ મુબારક ઉજવાશે જેમાં તા.૭/૧/૨૦૨૫ને મંગળ વારના બપોરે ૩ કલાકે મિલાદ શરીફ સાંજે ૬ વાગ્યે ન્યાજ (ભોજન) તેમજ રાત્રે ૯ કલાકે નાત શરીફ જેમાં મુંબઈના મશહૂર નાતખ્વા વાસીફ રઝા નુરીનો નાત શરીફનું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે.

ઝેરે સદારત પીરે તરીકત અલ્હાઝ સૈયદ અહેમદ અલી બાપુની નીગેહબાની હેઠળ ઉર્ષનું આયોજન કરવામાં આવે છે સાથે સાથે મહેમાનો ખુસુશીમાં પીરે તરીકત સૈયદ અમાનત અલી બાપુ સૈયદ હાજી કેશર અલી બાપુ ચિશ્તી પાલીતાણા વાળા હાજરી આપશે તેવું સૈયદ આદીલબાપુની યાદીમા જણાવ્યું છે.

# સાવરકુંડલા : હનુમાનજી મંદિરમાં દર્શન કરતા ધન્યતા અનુભવતી મહિલાઓ



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરના ગુરૂકુળ પાસે આવેલ શ્રીજી નગરના બહેનો એકત્રીસ ડિસેમ્બરના રોજ કરજાળા હનુમાનજી મંદીરે ચાલીને પગપાળા દર વર્ષની જેમ આ વર્ષે પણ દર્શનાર્થે પહોંચી ગયેલ. જેમની સાથે આષીશ ભટ્ટ, રાજેશ મહેતા, કીશોરબાપુ ભરતભાઈ તેરૈયા સાથે ગયેલાં એમ હરેશભાઈ જોષીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### એસપીની સુચનાથી સર્વેલન્સ ટીમનો સપાટો

# અમરેલીનાં ગાયત્રી મંદિર વિસ્તારમાંથી વિદેશી દારૂની હેરફેર કરતાં ૨ ઈસમો ઝડપાયા

## રૂપિયા એક લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

અમરેલી, તા. ૬

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે અમરેલી જીલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહીબીશનના વેંચાણ, સંગ્રહ અને હેરફેરની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે વોચમાં રહી અમરેલી શહેરનાં ગાયત્રી મંદિર પાસે ભાવકા ભવાની રોડ વિસ્તારમાંથી કુલદીપ ઉર્ફે ભુરો નીતીનભાઈ ગણાત્રા તથા અંજીકય ઉર્ફે સોનુ માર્તનરાવ ઢોણે નામના બે ઈસમોને પ્રોહીબીશન લગત મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.



### જુનાગઢ પરિક્રમા અને રાજુલાની બજારમાંથી મોબાઈલ ગુમ થયા હતા

# તેરા તુજકો અર્પણ : રાજુલા પોલીસને મળી આવેલ મોબાઈલ મુળ માલીકને પરત કરી દેવાયા

## સ્થાનિક પીઆઈ વી.એમ. કોલાદરા અને તેની ટીમની કામગીરી

રાજુલા, તા. ૬

રાજુલા પોલીસ સ્ટેશનમાં મળીઆવેલ બે મોબાઈલ ફોન જે ટેકનીકલ સોર્સના માધ્યમથી બન્ને મુળ માલિકો (૧) ગોહિલ જયોતીન ભુપેન્દ્રભાઈ રહે. સુરેન્દ્રનગરને શોધી મોબાઈલ ફોન બાબતે પુછતા તેઓનો મોબાઈલ ફોન જુનાગઢ પરિક્રમાં પડી ગયેલનું જણાવતા અને મોબાઈલ ફોનનું બિલ બતાવતા આ POCO M3 જેના IMEI–૮૬૦૯૫૦૦૫૧૮૭૩૩૨૬ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૪,૦૦૦ તથા (૨) નારાયણસિંહ ચતારસિંહ રહે. રાજસ્થાન હાલ ભેરાઈને શોધી મોબાઈલ ફોન બાબતે પુછતા તેઓનો મોબાઈલ ફોન રાજુલા ખરીદી કરવા આવતા પડી ગયેલાનું જણાવતા અને મોબાઈલ ફોનનું બિલ બતાવતા આ રિયલમીઈ–૩ ૩ જેના IMEI–૮૬૧૭૭૫૦૬૪૯૫૮૫૫૧ મોબાઈલ ફોનની કિંમત રૂપિયા ૮,૦૦૦ ટેકનીકલ સોર્સના માધ્પ્રયમથી મુળ માલિકને શોધી ફોન પરત આપી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ ખરા અર્થમાં સાર્થક કરેલ છે.

આ કામગીરીમાં રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાની સુચના અને માર્ગદર્શન નીચે સર્વેલન્સ સ્કોડના હેડ કોન્સ. મધુભાઈ નથુભાઈ પોપટ તથા હેડ કોન્સ. હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ તથા હેડ કોન્સ. હરેશભાઈ ભાયાભાઈ વાળા તથા હેડ કોન્સ. હરેશભાઈ નાનજીભાઈ બાંભણીયા તથા હેડ કોન્સ. મનુભાઈ રામભાઈ માંગાણી પો.કોન્સ. મહેશભાઈ ગણેશભાઈ બારૈયા તથા પો.કોન્સ. રવિરાજભાઈ બાબુભાઈ વરૂ તથા પો.કોન્સ. ઘનશ્યામભાઈ હસમુખભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ છે.



### નક્સલવાદીઓએ કુટરૂ માર્ગમાં સુરક્ષાદળના વાહનને ટાર્ગેટ બનાવ્યો

# છત્તીસગઢમાં નક્સલોના IED બ્લાસ્ટમાં નવ જવાનો

## સુરક્ષાદળો નક્સલ પ્રભાવિત વિસ્તારો દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં નક્સલીઓ વિરૂદ્ધ ઓપરેશન પતાવી પરત ફરી રહ્યા હતા ત્યારે બ્લાસ્ટ થયો

બીજાપુર, તા.૬

છત્તીસગઢના બીજાપુરમાં નક્સલવાદીઓએ મોટો હુમલો કર્યો છે. જેમાં આઈઈડી બ્લાસ્ટમાં નવ જવાનો શહીદ થયા છે. જ્યારે અન્ય આઠ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત છે. નક્સલવાદીઓએ કુટરૂ માર્ગમાં સુરક્ષાદળના વાહનને ટાર્ગેટ બનાવ્યો હતો. સુરક્ષાદળો નક્સલ પ્રભાવિત વિસ્તારો દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં નક્સલીઓ વિરૂદ્ધ ઓપરેશન પતાવી પરત ફરી રહ્યા હતા. બપોરે ૨.૧૫ વાગ્યે કુટરૂ પોલીસ સ્ટેશનના અંબેલી ગામ નજીક નક્સલીઓએ IED બ્લાસ્ટ કરી સુરક્ષાદળનું વાહન ઉડાવી દીધુ હતું. IG બસ્તર અનુસાર, નક્સલવાદીઓએ બીજાપુરમાં આઈઈડી બ્લાસ્ટમાં આઠ ડીઆરજી જવાન અને એક ડ્રાઈવર સહિત નવ જવાન શહીદ થયા છે. છત્તીસગઢ વિધાનસભા અધ્યક્ષ રમન સિંહે બીજાપુર IED બ્લાસ્ટ મુદ્દે નિવેદન આપ્યું છે કે, 'જ્યારે-જ્યારે નક્સલીઓ વિરૂદ્ધ મોટા ઓપરેશન હાથ ધરાય છે, ત્યારે આ નક્સ્લીઓ આ પ્રકારની કાયરતાભર્યું અને પીઠ પાછળ હુમલો કરતાં હોય છે. નક્સલવાદ વિરૂદ્ધ છત્તીસગઢ સરકાર જે પગલાં ઉઠાવી રહ્યા છે. તેને હવે વેગવાન બનાવાશે. સરકાર ડરશે કે ઝુકશે નહીં. તેમની વિરૂદ્ધ આકરી કાર્યવાહી ચાલુ રાખશે.' છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી અરૂણ સાવે આઈઈડી બ્લાસ્ટને વખોડતાં જવાનોની શહાદત નિષ્ફળ નહીં જાય તેનું વચન આપતાં કઠોર પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ સુરક્ષા દળોની શહાદત પર શોક વ્યક્ત કર્યો હતો.છત્તીસગઢમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી અથડામણ ચાલી રહી છે. ગઈકાલે અબૂઝમાડ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર નક્સલવાદી ઠાર કરાયા હતા. તેમના મૃતદેહનો કબજો પણ સુરક્ષા દળોએ લઈ લીધો હતો. આ અથડામણમાં સુરક્ષા દળોએ એકે-૪૭ અને એસએલઆર સહિત ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા હતાં. ૨૬ એપ્રિલ, ૨૦૨૩માં દંતેવાડા જિલ્લામાં સુરક્ષા દળોને લઈ જતાં વાહનને નક્સલવાદીઓએ બોમ્બથી ઉડાવી દેતાં દસ પોલીસ કર્મી અને ડ્રાઈવર શહીદ થયા હતા.

આઈજી બસ્તર આ સમગ્ર મામલાની દેખરેખ રાખી રહ્યા છે અને પોલીસ કોઓર્ડિનેશનના વોર રૂમમાં હાજર છે. નક્સલ ઓપરેશનના ADG વિવેકાનંદ સિન્હાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, સૈનિકો પરત ફરી રહ્યા હતા ત્યારે જ IED બ્લાસ્ટ થયો હતો. આ હુમલાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. સુરક્ષા દળો દ્વારા વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે અને નક્સલીઓને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નક્સલવાદીઓએ અહીં પહેલાથી જ લેન્ડમાઈન બિછાવી હતી, જેવો જ સૈનિકોનું વાહન આ લેન્ડમાઈનની અસરમાં આવ્યું કે તરત જ નક્સલવાદીઓએ તેને બ્લાસ્ટ કરી દીધો.પોલીસ અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, વાહનમાં ૧૫થી વધુ સૈનિકો હતા જેઓ નક્સલ વિરોધી અભિયાનમાંથી કેમ્પ તરફ પાછા ફરી રહ્યા હતા. નક્સલવાદીઓએ પહેલા જ સૈનિકોને નિશાન બનાવવા માટે લેન્ડમાઈન બિછાવી હતી, જેના કારણે ૭ જવાનો શહીદ થયા હતા. હાલ ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ અને સૈનિકોની ટીમ મોકલવામાં આવી છે.

### સિસોદિયાના ઘરે પડશે રેડ: કેજરીવાલનો દાવો

# સીએમ આતિશીની ધરપકડ કરવાની તૈયારીમાં છે કેન્દ્ર

## દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને મોટો દાવો કર્યો

નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણીને લઈને રાજકીય પક્ષો જોર-શોરથી તૈયારી કરી રહ્યા છે. વરિષ્ઠ નેતાઓમાં આરોપ-પ્રત્યારોપનો દોર ચાલી રહ્યો છે. આ વચ્ચે હવે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સીએમ આતિશી અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને લઈને મોટો દાવો કર્યો છે અને ભાજપ પર નિશાન સાધ્યું છે. દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે મેં થોડા દિવસો પહેલા કહ્યું હતું કે દિલ્હીના સીએમ આતિશીની ધરપકડ કરવામાં આવશે અને આમ આદમી પાર્ટીના કેટલાક નેતાઓને ત્યાં દરોડા પાડવામાં આવશે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગામી કેટલાક દિવસોમાં દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના ઘરે CBIના દરોડા પડશે. ભારતીય જનતા પાર્ટી દિલ્હી વિધાનસભા ચૂંટણી હારી રહી છે. આ ધરપકડો અને દરોડા તેમના ડરનું પરિણામ છે. કેજરીવાલે વધુમાં કહ્યું કે તેઓને અમારી વિરુદ્ધ આજ સુધી કંઈ નથી મળ્યું નથી અને ભવિષ્યમાં પણ કંઈ નહીં મળશે. આમ આદમી પાર્ટી એક કટ્ટર ઈમાનદાર પાર્ટી છે.' અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું કે, નવી દિલ્હી વિધાનસભામાં મતદારોના નામ ઉમેરવા અને હટાવવામાં મોટા પાયે છેતરપિંડી થઈ રહી છે. દિલ્હીના સીએમ આતિશીએ મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખીને પુરાવા રજૂ કર્યા છે અને તેમને મળવા માટે સમય માગ્યો છે.

### કહ્યું- મારા પિતાને ગાળ આપી

# ભાજપ નેતાના વિવાદિત નિવેદનથી દુ:ખી CM આતિશી રડી પડ્યા

## પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં કહ્યું કે હું રમેશ બિધૂડીને કહેવા ઈચ્છીશ કે મારા પિતાજી સમગ્ર જીવન શિક્ષક રહ્યાં

નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં આગામી મહિને વિધાનસભા ચૂંટણી થવાની છે. આ પહેલા દિલ્હીનું રાજકારણ ગરમાયું છે. દરમિયાન રમેશ બિધૂડીના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં સોમવારે મુખ્યમંત્રી આતિશી ભાવુક થઈ ગયા. તેમણે સોમવારે પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં કહ્યું કે 'હું રમેશ બિધૂડીને કહેવા ઈચ્છીશ કે મારા પિતાજી સમગ્ર જીવન શિક્ષક રહ્યાં. તેમણે દિલ્હીના હજારો ગરીબ બાળકોને ભણાવ્યા છે. આજે તેઓ ૮૦ વર્ષના થઈ ગયા છે. તેઓ એટલા બિમાર રહે છે કે આશરા વિના ચાલી શકતાં નથી. તમે ચૂંટણી માટે આવી હરકત કરો છો. એક વૃદ્ધ વ્યક્તિને અપશબ્દો બોલી રહ્યાં છો. આ દેશનું રાજકારણ એટલું ખરાબ થઈ ગયુ છે કે હું ક્યારેય વિચારી પણ શકતી નહોતી. તેઓ પોતાના કામના આધારે વોટ માગે. તેઓ દક્ષિણ દિલ્હીથી દસ વર્ષ સાંસદ રહ્યાં છે. કાલકાજીના લોકોને જણાવો કે તેમણે દસ વર્ષ શું કર્યું. તેનો હિસાબ આપો? એ ખૂબ દુ:ખની વાત છે કે મારા વૃદ્ધ પિતાને અપશબ્દો કહીને તે વોટ માગી રહ્યાં છે.' રમેશ બિધૂડીએ રવિવારે રોહિણીમાં આયોજિત પાર્ટીની પરિવર્તન રેલીને સંબોધિત કરતાં કહ્યું હતું કે 'દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ તો પોતાના પિતા જ બદલી દીધા. તે માર્લેનાથી સિંહ થઈ ગયા. અરે આ માર્લેના, આ તો સિંહ બની ગઈ ભૈયા. નામ બદલી લીધું. કેજરીવાલે બાળકોના સોગંધ ખાધા હતા. ભ્રષ્ટાચારી કોંગ્રેસની સાથે નહીં જઉં. માર્લેનાએ નામ બદલી દીધું. પહેલા માર્લેના હતું, હવે સિંહ બની ગઈ. આ તેમનું ચરિત્ર છે. તેમણે સીએમ આતિશીના માતા-પિતા પર પણ નિશાન સાધ્યું અને દાવો કરતાં કહ્યું હતું કે આ જ માર્લેનાના પિતા અને માતાએ સંસદ હુમલાના દોષી અફઝલ ગુરુની માફી માટે અરજી આપી હતી.ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં આ વખતે ત્રિકોણીય ટક્કર રસપ્રદ થવાની છે. કેજરીવાલની સામે પોતાની સરકાર ફરીથી બનાવવાનો પડકાર છે તો ભાજપ ૧૯૯૮થી સત્તાથી દૂર થવાનો દુકાળ ખતમ કરવા ઈચ્છે છે. આ દરમિયાન દિવંગત પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતની સરકાર બાદ કોંગ્રેસ પણ સત્તા સુખ પોતાના દમ પર લઈ શકી નહીં એટલે કે ક્યાંક સત્તા બચાવવાનો પડકાર છે તો ક્યાંક સત્તામાં આવવાની બેચેની છે. દરમિયાન નિવેદનબાજીનો સમય છે અને આ ક્રમમાં ભાજપના પૂર્વ સાંસદ અને કાલકાજીથી ઉમેદવાર બિધૂડીએ પહેલા પ્રિયંકા ગાંધીને લઈને વિવાદિત નિવેદન આપ્યું પછી તેમણે દિલ્હીના મુખ્યમંત્રી આતિશી પર પણ અપમાનજનક ટિપ્પણી કરી દીધી.

### ઈન્ડિયા ગેટનું નામ 'ભારત માતા દ્વાર' કરવા માંગ

# હવે દિલ્હીના ઈન્ડિયા ગેટનું નામ બદલવા માંગ કરાઈ

## બીજેપી અલ્પસંખ્યક મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષે મોદીને પત્ર લખીને કહ્યું કે આ જ શહીદોને સાચી શ્રદ્ધાંજલિ હશે

નવી દિલ્હી, તા. ૬

બીજેપી અલ્પસંખ્યક મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ દિલ્હીના ઈન્ડિયા ગેટનું નામ બદલવાની માંગ કરી છે. તેણે પીએમ મોદીને પત્ર લખીને કહ્યું છે કે ઈન્ડિયા ગેટનું નામ બદલીને 'ભારત માતા દ્વાર' કરવામાં આવે. આ જ ભારતના શહીદોને સાચી શ્રદ્ધાંજલિ હશે. જમાલ સિદ્દીકીએ પીએમ મોદીને લખેલા પત્રમાં લખ્યું છે કે, 'તમારા નેતૃત્વમાં ભારતના ૧૪૦ કરોડ ભારતીય ભાઈ-બહેનોના દિલમાં દેશભક્તિ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સમર્પણની ભાવના વધી છે. તમારા કાર્યકાળમાં જે રીતે મુઘલ આક્રમણકારો અને લૂંટારૂ અંગ્રેજોના ઘા રૂઝાયા છે અને ગુલામીના ડાઘ ધોવાયા છે તેનાથી સમગ્ર ભારત ખુશ છે. સાહેબ, તમે ક્રૂર મુઘલ ઔરંગઝેબના નામ પરથી રોડનું નામ બદલીને A.P.J. કલામ રોડ કરવામાં આવ્યો, ઈન્ડિયા ગેટ પર કિંગ જ્યોર્જ પંચમની પ્રતિમાને હટાવીને નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી અને રાજપથનું નામ બદલીને ડ્યુટી પાથ રાખવામાં આવ્યું અને તેને ભારતની સંસ્કૃતિ સાથે જોડવામાં આવ્યું. તેવી જ રીતે, કૃપા કરીને ઈન્ડિયા ગેટનું નામ બદલીને ભારત માતા દ્વાર કરો. ઈન્ડિયા ગેટને ભારત માતામાં રૂપાંતરિત કરવું એ તે સ્તંભ પર અંકિત હજારો શહીદ દેશભક્તોના નામોને સાચી શ્રદ્ધાંજલિ હશે. મારી તમને નમ્ર વિનંતી છે કે કૃપા કરીને મારા પ્રસ્તાવ પર વિચાર કરો. આભાર.' ઈન્ડિયા ગેટ ઓલ ઈન્ડિયા વોર મેમોરિયલ તરીકે પણ જાણીતો હતો. અહીં શહીદ થયેલા ભારતીય જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. દર વર્ષે ગણતંત્ર દિવસના અવસર પર અહીં એક પરેડ પણ કાઢવામાં આવે છે, જ્યાં ત્રણેય સેનાના કમાન્ડરો પરેડને બહાર કાઢે છે. આ સમયગાળા દરમિયાન દેશના તમામ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમોની વિવિધ પ્રકારની ટેબ્લો અહીં જોવા મળે છે. દિલ્હીની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે ઈન્ડિયા ગેટ પણ મનપસંદ સ્થળ છે.

### એક જ દિવસમાં ૨ કેસ નોંધાયા

# ચીનમાં વકરી રહેલા HMP વાયરસનો ભારતમાં પગપેસારો

## દહેશત મચાવી ચૂકેલી મહામારી કોવિડ ૧૯ બાદ હવે HMPV નામનો નવો વાયરસ દહેશત મચાવી રહ્યો છે

બેંગલુરુ, તા.૬

દુનિયાભરમાં દહેશત મચાવી ચૂકેલી મહામારી કોવિડ ૧૯ બાદ હવે HMPV નામનો નવો વાયરસ દહેશત મચાવી રહ્યો છે જેણે હાલમાં જ ચીનમાં દસ્તક આપી. હવેભારતમાંપણ આ બીમારીએ પગપેસારો કરી લીધો છે. એક જ દિવસમાં બે કેસ સામે આવતા ચિંતા પ્રસરી છે. ૮ મહિનાની બાળકી અને ૩ માસનું બાળક આ વાયરસની ઝપેટમાં આવ્યા હોવાનું કહેવાય છે. દક્ષિણ ભારતીય રાજ્ય કર્ણાટકના પાટનગર બેંગ્લુરુની એક હોસ્પિટલમાં આઠ મહિનાની બાળકીમાં HMP વાયરસ મળી આવ્યો છે. સ્વાસ્થ્ય વિભાગનું કહેવું છે કે અમે અમારી લેબમાં તેનો ટેસ્ટ કર્યો નથી. એક ખાનગી હોસ્પિટલમાં તેના કેસ અંગે રિપોર્ટ આવ્યો છે. ખાનગી હોસ્પિટલના આ રિપોર્ટ પર શંકા કરવાનું કોઈ કારણ જણાતું નથી. અત્રે જણાવવાનું કે HMP વાયરસ સામાન્ય રીતે બાળકોમાં જ ડિટેક્ટ થાય છે. તમામ ફ્લૂ સેમ્પલોમાંથી ૦.૭ ટકા HMPV ના હોય છે. આ વાયરસનું સ્ટ્રેન કયો છે તે હજુ જાણી શકાયું નથી. આ વાયરસને હ્યુમન મેટાન્યૂમોવાયરસ કે એચએમપીવી (HMPV) વાયરસ કહે છે. જેના લક્ષણો સામાન્ય રીતે શરદી-ઉધરસ જેવા હોય છે. સામાન્ય કેસોમાં તે ઉધરસ, નાક ગળવું કે ગળામાં ખારાશના લક્ષણો જોવા મળે છે. નાના બાળકો અને વૃદ્ધોમાં HMPV નું સંક્રમણ ગંભીર બની શકે છે. નબળી ઈમ્યુન સિસ્ટમવાળા લોકોમાં આ વાયરસ ગંભીર બીમારીનું કારણ બની શકે છે. એવું કહેવાય છે કે આ વાયરસમાં સંક્રમિત દર્દીઓમાં શ્વાસ લેવાની મુશ્કેલી અને ફ્લૂ જેવા લક્ષણો દેખાય છે. હવે દિલ્હીના મેડિકલ ઓફિસર્સે વાયરસ સંલગ્ન પડકારોને પહોંચી વળવા માટે એડવાઈઝરી બહાર પાડી છે. હોસ્પિટલનો નિર્દેશ અપાયા છે કે ઈન્ફ્લૂએન્ઝા જેવી બીમારીઓના કેસો અંગે તરત IHIP પોર્ટલ દ્વારા જાણકારી આપવી. શંકાસ્પદ કેસો માટે કડક આઈસોલેશન પ્રોટોકોલ અને સાવધાની વર્તવાની કહેવાયું છે. હોસ્પિટલોને નિર્દેશ અપાયા છે કે સટીક નિગરાણી સુનિશ્ચિત કરવા માટે SARI કેસો અને લેબ તરફથી પુષ્ટ કરાયેલા ઈન્ફ્લૂએન્ઝાના કેસોનું યોગ્ય ડોક્યુમેન્ટેશન જાળવી રાખવું જરૂરી છે. તેમને ઓક્સીજનની સાથે સાથે હળવા લક્ષણોવાળા કેસોની સારવાર માટે પેરાસિટામોલ, એન્ટીહિસ્ટામાઈન, બ્રોંકોડાયલેટર્સ અને કફ સિરપની ઉપલબ્ધતા જાળવી રાખવાના નિર્દેશ અપાયા છે.

### સરકારની ગાઇડલાઇન પર સતત નજર

# HMPV વાઇરસે ચિંતા વધારી દીધી:ભારત આવેલા NIR સતર્ક

## બુમરાહ આટલા રેટિંગ પોઈન્ટ મેળવનાર પહેલો ભારતીય બોલર બની ગયો છે અશ્વિનને પાછળ છોડી બુમરાહ આગળ નીકળ્યો

નવી દિલ્હી, તા.૬

ચીનમાં ફેલાઈ રહેલા નવા હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV)એ સમગ્ર વિશ્વ સાથે ભારતની પણ ચિંતા વધારી દીધી છે, ત્યારે હાલ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં બહોળી સંખ્યામાં સ્વદેશ આવેલા એનઆરઆઈમાં પરત જવા અંગે ચિંતાનું મોજુ ફરી રહ્યું છે.

વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ભારતમાં પણ આ વાઈરસના પ્રથમ કેસથી ચિંતા ખૂબ વધી ગઈ છે. એનઆરઆઈ પોતે સરળતાથી પરત વિદેશ જઈ શકે તે માટે તેઓ પણ સમગ્ર ઘટના અને સરકારી ગાઈડલાઈન પર નજર રાખી રહ્યા છે. ચીનમાં HMPV વાયરસ ફેલાતા ત્યાં સ્થિતિ બગડી રહી છે. ચીનના વુહાનમાં સંખ્યાબંધ બાળકો સંક્રમિત થતાં શાળાઓ તાત્કાલિક બંધ કરી દેવામાં આવી છે. ચીનમાં ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ વધી જતા સમગ દેશમાં હડકંપ ફેલાઈ ગયો છે. ગણતરીના દિવસોમાં ત્યાં સંક્રમણમાં તોતીગો વધારો થતાં સમગ્ર વિશ્વ હવે ચીન પર નજર રાખી રહ્યું છે. સાથે ભારત સરકારે પણ સમગ્ર મામલે ડબલ્યુએચઓને ચીનના સંક્રમણ પર નજર રાખવાની તાકીદ કરી છે. ચીનમાં ઊભી થયેલી પરિસ્થિતિના પગલે ભારતમાં પ્રથમ કેસનો પગ પેસારો થઈ જતા હાલ અહીં આવેલા એનઆરઆઈમાં ખૂબ ચિંતાનું મોજુ જોવા મળી રહ્યું છે.

હાલ આ એવો સમય છે જયારે વિદેશમાં સ્થાયી થયેલા એન.આર.આઈ. અને ગુજરાતીઓ સૌથી વધુ અહીં આવ્યા હોય. તેઓ દૈનિક કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગની વેબસાઈટ અને એરપોર્ટની ગાઈડલાઈન પણ નજર રાખી રહ્યા છે. ઉપરાંત નવા કોઈપણ અપડેટ આવે તે માટે તેઓ સતત જાગૃત બન્યા છે. જેથી તેઓને પરત જવા ટાણે સરકારી ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરી શકાય અને વિદેશમાં પ્રવેશ વખતે વધુ કોઈ અડચણ ઊભી ન થાય.

ઉલ્લેખનીય છે કે, કોવિડ ૧૯ વખતે ભારત સહિત વિશ્વના અનેક દેશોએ અલગ અલગ ગાઈડલાઈન બહાર પાડી પોતાના દેશમાં આવતા સ્વદેશી અને યાત્રીઓના પ્રવેશ પર નિયંત્રણો લાગુ કર્યા હતા. આવા કોઈ નિયંત્રણ અંગે પણ તેઓ સતત તપાસ કરી રહ્યા છે.

### ૧૦૦થી વધુ લાયસન્સ કર્યા રદ

# વડોદરા RTO વિભાગે ૧ વર્ષમાં ૫ કરોડથી વધુની કરી રિકવરી

## ફિટનેસ પરમીટ વાહનોના કેસો દાખલ કરવામાં આવ્યા છે, જેમાં ૧૧૨ જેટલા લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે

વડોદરા, તા.૬

વડોદરા આરટીઓ વિભાગે વિવિધ કેટગરી અંતર્ગત ૫૮૩૧૪૫૭૭૮ લાખની રિકવરી કરી છે.

વડોદરામાં વાહન વ્યવહાર કચેરીએ નિયમો ભંગ કર્યાના આંકડા બહાર પાડ્યા છે. જેમાં ઓડીસી, ઓવરલોડ, ફિટનેસ પરમીટ વાહનોના કેસો દાખલ કરવામાં આવ્યા છે, જેમાં ૧૧૨ જેટલા લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૨૪માં સમગ્ર વર્ષ દરમિયાન ૧૬૫૫ કેસ દાખકલ કરાયા હતી. જેમાં ૧૦૯૯ કેસમાંથી ૬૫ લાખની રિકવરી કરાઈ છે. વાહનોના ફિટનેસ અંગે ૮૨૯ કેસમાંથી ૫૭ લાખ રિકવરી, પરમિટ અંગે ૨૦૦ કેસમાંથી ૧૫ લાખની રિકવરી કરાઈ છે. વડોદરા આરટીઓ વિભાગે વિવિધ કેટગરી અંતર્ગત ૫૮૩૧૪૫૭૭૮ લાખની રિકવરી કરી છે. ઘણાના લાયસન્સ પણ રદ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડ કરાયેલ લાયસન્સ
હેલ્મેટ વાયોલેશન ૦૯
ફટલ કેસમાં ૮૯
ડ્રીંક એન્ડ ડ્રાઈવ ૧૪
કુલ ૧૧૨

વર્ષ દરમિયાન કરેલી કામગીરી
ઓવર લોડ ૧,૬૫૫ – રિકવરી ૨,૦૩,૭૫,૧૫૦
ODC ૧,૦૯૯- રિકવરી ૬૫,૪૮,૧૦૦
ફિટનેસ ૮૨૯- રિકવરી ૫૭,૭૯,૬૦૪
પરમીટ ૨૦૦- ૧૫,૯૧,૪૨૦
અન્ય ૯,૨૮૬- રિકવરી ૨,૪૦,૨૦,૩૦૪
કુલ કેસ, ૧૩,૦૬૯
કુલ રિકવરી ૫,૮૩,૧૪,૫૭૮

# સુરતના ડુમસની કરોડોની જમીન કૌભાંડનું કોકડું ગૂંચવાયું

સુરત, તા.૬

ડુમસ- વાટા ગામની કરોડોની જમીનનો વિવાદ વધારે જટિલ અને ગૂંચવડાભર્યો બની રહ્યો છે. ફરિયાદ કરનાર આઝાદ રામોલિયાની ભૂમિકા પણ શંકાના દાયરામાં આવી રહી છે. ખુદ એમના ભાઈ ભાવેશે ખોટી રીતે દસ્તાવેજ થયા હોવાનું અને દસ્તાવેજ રિવર્સ કરવા માટે કોર્ટમાં એફિડેવિટ કરેલું છે. બીજી તરફ, વિવાદીત સ્થળે પ્લોટીંગની સ્કીમ હોવાનુ જાણવા છતાં, તબક્કાવાર વેચાણ થયું હતું, બંગલા બની રહ્યા હોવા છતાં રામોલિયાએ જમીન ખરીદવા માટે ૨૦૧૬ માં શરૂઆત કયા આશયથી કરી એ પણ અત્યારે સ્પષ્ટ નથી. આ ઉપરાંત ૨૦૦૫ના લેટરના આધારે ૨૦૨૦માં પ્રોપર્ટી કાર્ડ કેવી રીતે બન્યા એ પણ ગળે ઉતરે નહીં એવી વાત છે.ડુમસ-વાટા ગામની કરોડો રૂપિયાની જમીનમાં બોગસ પ્રોપર્ટી કાર્ડ બનવાના કૌભાડમાં બિનખેતીની પૂર્તતા માટેનો ૨૦૦૫ માં એક લેટર ઈસ્યુ થયો હતો. તે લેટરના આધારે આખી પ્રકિયા દફતરે કરી દેવાઈ હોવા છતાં આ લેટરનો કૌભાંડીઓએ ખોટી રીતે ઉપયોગ કરીને જિલ્લા કલેકટર, જિલ્લા પંચયાત અને સુડાના નામે રજુ કરીને બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવ્યા હોવાનો ફરિયાદીએ દાવો કર્યો હતો. વળી આ લેટર કોઈ ખેડૂત નહીં પણ થર્ડ પાર્ટીના નામે હતો. ડુમસ-વાટા ગામની જમીનમાં બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવવાની સીઆઇડી ક્રાઇમમાં ફરિયાદ કરનારા આઝાદ રામોલીયીએ પત્રકાર પરિષદ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧માં જ્યારે અમોને ખબર પડી ત્યારે મુખ્યમંત્રી, કલેકટર, પોલીસમાં ફરિયાદ કરતા તપાસ શરૂ થઈ હતી. પરંતુ ન્યાય નહીં મળતા મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ કરતા ઉચ્ચ લેવલે તપાસ શરૂ થઈ હતી. આ તપાસની સાથે જ વર્ષ ૨૦૨૪ના પ્રથમ મહિનામાં સીઆઇડી ક્રાઇમમાં પણ અરજી કરી હતી. જેની તપાસ શરૂ થતા વર્ષ ૨૦૦૫માં જે લેટરના આધારે પ્રોપર્ટી કાર્ડ બન્યાનો ઉલ્લેખ કરાયો હતો, એ લેટરની મહેસુલ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતા એક જ લેટર જિલ્લા કલેકટરના નામે બોલે છે. એ જ લેટર જિલ્લા પંચાયતના નામે અને સુડાના નામે પણ બોલતો હોવાથી સરખે સરખા લેટર ત્રણ કચેરીના કેવી રીતે હોઇ શકે? અને સૌથી મહત્વની બાબતો એ હતી કે, આ લેટર કોઇ ખેડૂતના નામે નહીં, પરંતુ થર્ડ વ્યકિતના નામે હતો. અને આનાથી પણ સૌથી ચોંકાવનારી બાબતો એ હતી કે, આ લેટર બિનખેતીની પૂર્તતા કરવા માટેનો હતો. અને જે નહીં થઇ શકતા આ લેટરના આધારે કાર્યવાહી વર્ષ ૨૦૧૦માં દફતરે કરી દેવાઇ હતી. તેમ છતાં આ લેટર બિનખેતીનો હોવાનું જણાવીને વર્ષ ૨૦૨૦માં રજુ કરીને કૌભાંડીઓએ બોગસ પ્રોપર્ટી કાર્ડ બનાવી દીધા હતા. સાયલન્ટ ઝોનનું જમીન કૌભાંડ છાપરે ચઢયું છે. ખેતીની જમીન બિનખેતી કરાવ્યા વિના સીધેસીધા કરી દેવાયલા પ્લોટિંગથી રાજ્ય સરકારને મોટું આર્થિક નુકશાન થયું છે. આ વિવાદીત જમીન ઉપર સમૃદ્ધિ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૦૫માં પ્લોટિંગ કરી સાયલન્ટ ઝોનની સ્કીમ મુકવામાં આવી હતી. અલગ-અલગ સર્વે નંબર મળી કુલ ૪૮૫ પ્લોટ પાડવામાં આવ્યા હતા. જે અંગેની જાણકારી શહેરના તમામ ડેવલપરો તથા લેન્ડ ટ્રેડિંગ કરનારાઓને હોવા છતાં ૧૦ વર્ષ બાદ આ જમીનની ખરીદી કરવા પાછળનું ગણિત શું? તેને લઈ વિવિધ અટકળો તેજ બની રહી છે.

# ગુજરાતમાં પણ નોંધાયો ચીની વાયરસ HMPVનો પ્રથમ કેસ

અમદાવાદ, તા. ૬

ચીનમાં કહેર વર્તાવતા HMPV વાયરસનો પગપેસારો ગુજરાતમાં પણ થઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે. અમદાવાદમાં બે મહિનાના એક બાળકમાં આ પ્રકારના વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે. હાલ બાળકને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું છે. આ અંગેની જાણ થતાં અમદાવાદ મહાનગર પાલિકાનું આરોગ્ય તંત્ર દોડતું થયું છે. તેમજ રાજ્ય સરકારે પણ તેની ગંભીર નોંધ લઈને કાર્યવાહી શરૂ કરી છે. મહત્વનું છે કે આ વાયરસના કર્ણાટકમાં બે કેસ નોંધાઈ ચુક્યા છે. જેના લીધે દેશવાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

બેંગલુરુની એક હોસ્પિટલમાં આઠ મહિનાનું બાળક અને બીજી ત્રણ મહિનાની બાળકીમાં HMPV વાયરસ મળી આવ્યો છે. આરોગ્ય વિભાગનું કહેવું છે કે અમે અમારી લેબમાં તેનું પરીક્ષણ કર્યું નથી. ખાનગી હોસ્પિટલમાં આ કેસનો રિપોર્ટ આવ્યો છે. ખાનગી હોસ્પિટલના આ અહેવાલ પર શંકા કરવાનું કોઈ કારણ જણાતું નથી. નોંધનીય છે કે HMPV સામાન્ય રીતે બાળકોમાં જ જોવા મળે છે. HMPV તમામ ફ્લૂ નમૂનાઓમાં ૦.૭ ટકા હિસ્સો ધરાવે છે. આ વાયરસનો સ્ટ્રેન શું છે તે હજુ સુધી જાણી શકાયું નથી.

રિપોર્ટ અનુસાર, HMPV ફ્લૂ જેવા લક્ષણો દર્શાવે છે. તે કોવિડ-૧૯ જેવી જ સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની રહ્યું છે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, ચીનની ડિસિઝ કંન્ટ્રોલ ઓથોરિટીએ શુક્રવારે કહ્યું કે તે અજાણ્યા પ્રકારના ન્યૂમોનિયા માટે સર્વેલન્સ સિસ્ટમ ચલાવી રહ્યું છે. શિયાળામાં શ્વાસ સંબંધી રોગોમાં વધારો થવાની સંભાવના છે. તેની સાથે વ્યવહાર કરવા માટે એક ખાસ પ્રોટોકોલ બનાવવામાં આવ્યો છે. જો કે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ચીની અધિકારીઓ આ વાયરસથી ચિંતિત છે. લોકોને માસ્ક પહેરવા અને વારંવાર હાથ ધોવાની અપીલ કરવામાં આવી રહી છે. આ વાઈરસને હ્યુમન હ્યુમન મેટાન્યૂમો વાઈરસ એટલે કે HMPV કહેવામાં આવે છે, જેના લક્ષણો સામાન્ય શરદી-ખાંસી જેવા જ હોયછે.

સામાન્ય કિસ્સાઓમાં તે ઉધરસ અથવા ગળામાં ખરાશ, વહેતી નાક અથવા ગળામાં દુ:ખાવાનું કારણ બને છે. નાના બાળકો અને વૃદ્ધોમાં HMPV ચેપ ગંભીર હોઈ શકે છે. આ વાઈરસ નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોમાં ગંભીર બીમારીનું કારણ બની શકે છે.

# પત્રકારની હત્યાના આરોપીની હૈદરાબાદમાંથી ધરપકડ કરાઈ

બીજાપુર, તા.૬

છત્તીસગઢના બીજાપુરમાં પત્રકાર મુકેશ ચંદ્રાકરની હત્યામાં ક્રૂરતાની તમામ હદો વટાવી દેવામાં આવી હતી. મુકેશ ચંદ્રાકરના માથા પર ૧૫ ઈજાના નિશાન જોવા મળ્યા હતા. આ સિવાય લીવરના ચાર ટુકડા અને પાંચ પાંસળીઓ તૂટી ગઈ હતી. એટલું જ નહીં, તેની ગરદન તૂટેલી અને હૃદય ફાટેલું જોવા મળ્યું હતું. પત્રકાર મુકેશ ચંદ્રાકરના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરનાર ડૉક્ટરે કહ્યું કે, 'મેં મારી ૧૨ વર્ષની કારકિર્દીમાં એવો કોઈ કેસ જોયો નથી કે જેમાં તેમની આટલી નિર્દયતાથી હત્યા કરવામાં આવી હોય.' ડૉક્ટરે એવો પણ દાવો કર્યો છે કે પત્રકારની હત્યા કરનારા બે કે તેથી વધુ હુમલાખોરો હતા.મુકેશ ચંદ્રાકરની હત્યાના આરોપી કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરની SITએ હૈદરાબાદથી તેની ધરપકડ કરી છે. બીજાપુરના એસપી જિતેન્દ્ર સિંહ યાદવે આ વાતની પુષ્ટિ કરી હતી. મુકેશ ચંદ્રાકરનો મૃતદેહ ૩ જાન્યુઆરીએ કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરની મિલકત પર સ્થિત સેપ્ટિક ટાંકીમાંથી મળી આવ્યો હતો. મુકેશ ૧લી જાન્યુઆરીથી ગુમ હતો. પોલીસે મુકેશને શોધવા સુરેશ ચંદ્રાકરના ઘરે દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન ત્યાંની સેપ્ટિક ટાંકીમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. શરીરની હાલત ખૂબ જ ખરાબ હતી, પરંતુ કપડાં પરથી તેમની ઓળખ કરવામાં આવી હતી.પત્રકાર મુકેશ ચંદ્રકરે કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરને બસ્તરમાં ૧૨૦ કરોડ રૂપિયાનો રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. પત્રકાર મુકેશની હત્યાના સમાચાર બાદ કોન્ટ્રાક્ટર સામે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.આ પછી, ૧ જાન્યુઆરીથી મુકેશ ચંદ્રાકર વિશે કંઈ જાણી શકાયું ન હતું. એવું પણ સામે આવ્યું છે કે મુકેશને છેલ્લો ફોન સુરેશ ચંદ્રાકરના ભાઈ રિતેશ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧ જાન્યુઆરીથી મુકેશ ચંદ્રાકરનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. એવો દાવો કરવામાં આવે છે કે લાશને ટાંકીમાં મુકવામાં આવી હતી અને તેના પર પ્લાસ્ટર કરવામાં આવ્યું હતું, આ પછીથી જ પોલીસને શંકા ગઈ હતી.

# બાબરામાં સરકારી કમળશી હાઈસ્કૂલ ખાતે ખેલ મહાકુંભને ખૂલો મુકતા જાણીતા એડવોકેટ પ્રતાપભાઈ ખાચર





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સરકારી કમળશી હાઈસ્કૂલ ખાતે આજથી એક સપ્તાહ સુધી આયોજિત ખેલ મહાકુંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેને શહેર ભાજપનાં અગ્રણી અને એડવોકેટ પ્રતાપભાઈ ખાચર દ્વારા ખુલ્લો મુકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તા. ૬/૧/૨૦૨૪ થી તા. ૧૧/૧/૨૦૨૪ સુધી ખેલ મહાકુંભનો ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓ અને ૨૩ થી વધારે શાળાઓએ ભાગ લીધો હતો. શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા અને શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત અગ્રણીઓ અને અધિકારીઓ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતુ. અહી આયોજિત ખેલમહાકુંભમાં એડવોકેટ પ્રતાપભાઈ ખાચર જીલ્લા પંચાયત સભ્ય નીતિનભાઈ રાઠોડ, પત્રકાર પંકજભાઈ ઈન્દ્રોડીયા રાઠોડભાઈ કોલેજ આચાર્ય ડો. મેહુલભાઈ પંડયા તથા શાળાના ઈન્ચાર્જ આચાર્ય હેતલબેન નેનુજી, ખ્યાતિબેન સુતરીયાભાઈ, આશિષભાઈ મકવાણાભાઈ, ગજેરાભાઈ યોગેશભાઈ પાયલબેન તથા શાળાના કન્વીનર ક્રિષ્નાબેન ચૌધરીએ જન્મ મહેનત કરેલી તેમ ભાવનાબેન પટેલની યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં બહુ ચર્ચિત લેટર કાંડનાં આરોપી

ગામનાં સરપંચ અશોકભાઈ માંગરોળીયાને જિલ્લા વિકાસ અધિકારીએ કારણ દર્શક નોટિસ પાઠવીને દિન–૩માં લેખિત ખુલાસો કરવા જણાવેલ છે.

નોટિસમાં જણાવેલ છે કે તમો ગ્રામ પંચાયત જશવંતગઢનાં જવાબદાર સરપંચનો હોદો ધારણ કરતા હોય ત્યારે તમારી વિરૂદ્ધ ગુન્હો નોંધાવો તેમજ અટક થયેલ હોય, જાહેર સેવકને ન છાજે તેવું કૃત્ય કરેલ હોય, જે આપનુ નૈતિક અધઃપતન ગણવાને પુરતુ હોય, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ–૫૯ (૧) અન્વયે આપની સામે કાર્યવાહી કરી આપીને સરપંચના હોદા પરથી મોકુફ શા માટે ન કરવા ? તે અંગેનો લેખિત ખુલાસો આ કારણ દર્શક નોટિસ મળ્યેથી દિન–૩માં અત્રે રજુ કરશો.

જો આપના દ્વારા સમય મર્યાદામાં ખુલાસો રજુ કરવામાં નહિ આવે તો આપને આ બાબતે કશું કહેવું નથી એવું માની નિયમ મુજબ કાર્યવાહી કરવાની ફરજ પડશે.


## સંકુલ PG કોલેજ – સારૂ શિક્ષણ – ઉચ્ચ પરિણામ

- ★ MA(Eng) Sem. III – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ M.Com.(GM) Sem. I – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
- ★ M.Sc.(Chem.) Sem. I – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
- ★ M.Sc.(Micro)Sem. III – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.Ed. Sem. III – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
- ★ B.Pharm Sem. V – 91% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢરોડ અમરેલી. -Ad 091


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૬૨ | ૧૨૦૬ |
| ૩ | શિંગ મોટી | ૮૦૫ | ૧૧૭૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૦૦ | ૧૨૫૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૪૦ | ૨૩૭૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૪૪૪ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૫૦ | ૨૯૯૫ |
| ૮ | બાજરો | ૫૯૦ | ૬૪૧ |
| ૯ | જુવાર | ૫૬૩ | ૧૦૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૫૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૪ | ૬૪૩ |
| ૧૨ | મગ | ૭૦૦ | ૧૭૭૧ |
| ૧૩ | અડદ | ૯૫૦ | ૧૪૭૦ |
| ૧૪ | ચણા | ૮૮૧ | ૧૨૯૬ |
| ૧૫ | તુવેર | ૧૦૫૮ | ૧૬૭૫ |
| ૧૬ | કપાસ | ૯૭૦ | ૧૫૩૦ |
| ૧૭ | એરંડા | ૧૦૭૦ | ૧૧૯૬ |
| ૧૮ | જીરૂ | ૩૯૫૦ | ૪૩૦૦ |
| ૧૯ | ધાણા | ૧૩૫૦ | ૧૫૨૩ |
| ૨૦ | મેથી | ૧૦૨૮ | ૧૦૪૦ |
| ૨૧ | સોયાબીન | ૫૯૯ | ૮૩૦ |
| ૨૨ | રજકાનું બી | ૪૨૪૦ | ૪૨૪૦ |
| ૨૩ | મરચા લાંબા | ૪૬૦ | ૩૦૧૦ |

## બાબરાપુરનાં સર્વોદય સરસ્વતિ મંદિર ખાતે આવતીકાલે નિદાન કેમ્પ યોજાશે

બાબાપુર, તા. ૬

સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર અને વી.ડી. ઘેલાણી મહિલા કાલેજ સાવરકુંડલાના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૮/૧૨/૨૦૨૫ ને બુધવારના રોજ ગુજરાતના જાણીતા બાળરોગ નિષ્ણાત આઈ.કે. વીજળીવાળાનો 'બાળરોગનિદાન કેમ્પ' રાખેલ છે. સર્વોદય આશ્રમ ખાતે સવારે ૯ થી ૧ સુધી બાબાપુર ખાતે રાખેલ છે.

આ કેમ્પમાં બાળકોની વિવિધ તકલીફો માટેના માર્ગદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૬ | ૧૫૧૧ |
| ૨ | તલ | ૬૮૫ | ૬૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૭૬૫ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં | ૫૭૮ | ૬૦૦ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૫ | ધાણા | ૧૧૫૦ | ૧૪૨૦ |
| ૬ | અડદ | ૧૦૦૬ | ૧૧૭૬ |
| ૭ | જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૮ | રાઈ | ૯૦૫ | ૯૦૫ |
| ૯ | સોયાબીન | ૬૩૫ | ૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૧૩૬ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૧ | ૧૧૮૨ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૪૭ |
| ૪ | તલ કાળા | ૪૩૦૦ | ૪૮૦૦ |
| ૫ | જીરૂ | ૪૧૭૨ | ૪૩૬૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૧ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૧૦ | જુવાર | ૫૧૧ | ૮૪૯ |
| ૧૧ | મગ | – | ૧૯૦૦ |
| ૧૨ | ચોળી | – | ૨૫૫૦ |
| ૧૩ | અડદ | ૧૩૦૦ | ૧૩૨૭ |
| ૧૪ | ચણા | ૧૨૦૦ | ૧૨૨૬ |
| ૧૫ | એરંડી | ૭૦૦ | ૮૦૦ |
| ૧૬ | મઠ | ૮૦૦ | ૯૪૩ |
| ૧૭ | સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં સારા માર્ગો

ત્યારે આ નગરપાલિકા ધ્વારા હયાત અને સારી કંડીશન વાળા રોડ રસ્તાને તોડીઅને ત્યાંજ આ નવા રોડ રસ્તા બની રહ્યા છે. ત્યારે નગરપાલિકા ધ્વારા એક જગ્યાએ થોડા સમયમાં ગ્રાન્ટનો ખોટો ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે અમુક વિસ્તારોમાં જયાં રોડ રસ્તાની જરૂરિયાત રહેલી છે તે વિસ્તારો રોડ રસ્તાથી વંચિત છે. ત્યારે નગરપાલિકા ધ્વારા સારી કવોલીટી અને સારી કંડીશનવાળા રોડ તોડીને સરકારી નાણાનો વ્યય થઈ રહ્યો છે. જેથી આ પ્રકારનાં રોડનું કામ અટકાવવા માંગણી છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૫ | ૧૫૧૧ |
| ૨ | મગફળી | ૯૪૦ | ૧૧૫૪ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | તુવેર | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૫ | અદડ | ૧૧૩૭ | ૧૧૩૭ |
| ૬ | ઘઉં | ૫૪૦ | ૫૪૦ |
| ૭ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| ૮ | મઠ | ૮૦૦ | ૮૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૫૭ | ૧૧૩૩ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૩૯ | ૧૦૭૧ |
| ૫ | અડદ | ૧૧૬૦ | ૧૨૯૦ |
| ૬ | ઘઉં | ૫૪૩ | ૬૧૭ |
| ૭ | તલ સફેદ | ૧૯૪૦ | ૨૨૦૦ |
| ૮ | જીરૂ | ૩૯૯૫ | ૪૩૨૫ |
| ૯ | ચણા | ૧૦૫૬ | ૧૧૯૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૮ | ૬૧૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૯૦ | ૬૨૫ |
| ૪ | રજકાબી | ૪૬૦૦ | ૪૬૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૮૦ |
| ૬ | મગફળી | ૬૦૦ | ૯૬૧ |
| ૭ | ચણા | ૧૧૧૫ | ૧૨૧૦ |
| ૮ | તલ સફેદ | ૧૫૩૫ | ૨૨૪૫ |
| ૯ | ધાણા | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૧૦ | લસણ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૧ | અડદ | ૯૩૦ | ૧૨૧૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : –બાબરા– અમારા અસીલ જમીન વેચનાર **કનુભાઈ સુરગભાઈ માલા** રહેઃ– નડાળા, તા. બાબરા, જિ–અમરેલીવાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ઘુઘરાળા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **કનુભાઈ સુરગભાઈ માલા** વેચાણ દસ્તાવેજથી **રમેશભાઈ છગનભાઈ પરસાણા** રહેઃ– ભોજપરા, તા.ગોંડલ, જિ. રાજકોટવાળાને વેચાણ કરવા માંગે છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હેઆરેચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | કનુભાઈ સુરગભાઈ માલા | ૧૦૨૬ | ૧૫૨ | ૦–૭૪–૪૨ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૧૫ (પંદર)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગત વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **રમેશભાઈ છગનભાઈ પરસાણા** ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**

**તા :– ૦૬–૦૧–૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી કનુભાઈ સુરગભાઈ માલા**
**ની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**

રાજકોટ – ભાવનગર હાઈ–વે, અવધ ટાઈમ્સના ગેટની અંદર,
બસ સ્ટેશન સામે મુ.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬ / ૯૪૮૪૪ ૫૫૩૩૩

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૧૭૫ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૧ | ૨૪૦૦ |
| ૩ | તલ પીળા | ૨૮૦૧ | ૩૩૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૬૧૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૧ | ૬૮૦ |
| ૭ | જુવાર | ૬૧૧ | ૯૫૦ |
| ૮ | મગ | ૨૪૪૦ | ૨૪૫૦ |
| ૯ | અડદ | ૮૦૦ | ૧૨૦૧ |
| ૧૦ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૨ |
| ૧૧ | સોયાબીન | ૭૮૦ | ૯૨૦ |
| ૧૨ | વરીયાળી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ૧૩ | રાય | ૧૦૦૦ | ૧૩૫૧ |

# અમરેલી બ્રહ્માકુમારીઝ દ્વારા “ગુજરાત ૨૦૨૫ના વર્ષને હિરક જયંતિ વર્ષ તરીકે મનાવાશે”



બ્રહ્માકુમારીઝ સંસ્થા ૬૦ વર્ષમાં પ્રવેશતા ડાયમંડ જયુબીલી વર્ષની ઉજવણીનો આજે અમરેલી સેવા કેન્દ્ર ખાતે ડી.ડી.ઓ. પંડયાના અધ્યક્ષતામાં ભવ્ય શુભારંભ કરેલ. વિશ્વવ્યાપી સંસ્થા બ્રહ્માકુમારીઝની સેવાઓનું બીજ આજ ૬૦ વર્ષ પહેલા ૧૯૬૫માં ગૌરવમય ગુજરાતની ધરા પર રોપાયું. અનેક મહાન ત્યાગી તપસ્વી સેવાભારીઓના અથાગ પ્રયાસોથી આ બીજ ફળીભૂત થઈ સમગ્ર ગુજરાતમાં આજે ૫૦૦ સેવા કેન્દ્રો ૩૦૦૦ થી વધુ ગામડાઓમાં ગીતા પાઠશાળાઓ અને ૧૫૦૦ થી વધુ સમર્પિત બાલ બ્રહમચારીણી બ્રહ્માકુમારી બહેનો અને લાખો ભાઈ બહેનોનું વિશાળ વટ વૃક્ષ બન્યું છે. આ ઐતિહાસિક ઘડીઓને ગુજરાતનો ઈશ્વરીય પરીવાર મળીને ખૂબજ ઉમંગ ઉત્સાહથી વર્ષને મનાવી રહયું છે. આ વર્ષે દરેક સેવા કેન્દ્ર ધ્વારા ૬૦ સ્વ ઉન્નતિના કાર્યક્રમો થશે, યુવા, મહિલા, શિક્ષા, વ્યાપાર, સ્વાસ્થ્ય, મેનેજમેન્ટ, એન્જીનયર, સ્પોટર્સ, ગ્રામ વિકાસ, અને વ્યસન મૂકિત જેવા અલગ અલગ કાર્યક્રમો વર્ષ દરમ્યાન યોજાશે. અમરેલી સેવા કેન્દ્ર ખાતે આજે વહેલી સવારે આ ડાયમંડ જયુબીલીનો ૬૦ દિપ પ્રજજવલન ધ્વારા મંગલ શુભારંભ કરેલ. જેનુ અધ્યક્ષ સ્થાન ડી.ડી.ઓ પંડયા અમરેલી પ્રખ્યાત સ્ટેમપ વેન્ડર પરેશભાઈ આચાર્ય સુરૂ ચાના માલીક સુરૂભાઈ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાદીદી તથા બહોળી સંખ્યામાં શ્વેત વસ્ત્રધારી બ્રહ્માકુમાર કુમારી ભાઈ બહેનો હાજરી આપી. આ વર્ષમાં જન જન અને મન મન સુધી મેરા બાબા આ ગયા આ નાંદ ગુઝે તેવો શુભ સંકલ્પ કર્યો. આ પ્રસંગે નાનકડી કુમારીઓએ નૃત્ય ધ્વારા રીયલ ડાયમંડનો અર્થ તથા સપ્તરંગી ગુજરાતની ઝલક બતાવી કાર્યક્રમના અંતમાં કેક કટીંગ ધ્વારા નવા વર્ષની અને ડાયમંડ જયુબીલીમાં ડાયમંડ બનવાની વધાઈ આપવામાં આવી.

# બાબરા : નાની કુંડળ ખાતે પાણી પુરવઠા મંત્રી દ્વારા પાણી પુરવઠા યોજનાની કામગીરીની સમીક્ષા યોજાઈ






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

રાજય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુવરજીભાઈ બાવળીયાએ બાબરા તાલુકાના સાત હનુમાન, નાની કુંડળ મુકામે પાણી પુરવઠા જૂથ યોજના અન્વયે કામગીરીની સમીક્ષા કરી હતી. બાબરા ગૃપ ઓગમેન્ટેશન યોજનામાં સમાવિષ્ટ ૩૮ ગામ, ૨ પરા વિસ્તાર, ૧ શહેર વિસ્તાર અંતર્ગત બાબરા અને ચમારડી ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ યોજના અન્વયે અંદાજે કુલ રૂ. ૪૨૦૪.૦૪ લાખ નેટ રકમના કામો કરવાનું આયોજન હતું, જેમાં પાઈપલાઈન નેટવર્ક જૂનું હોય અને અવારનવાર લીકેઝ અને ભંગાણને કારણે પાણી વિતરણમાં અડચણો થતી હોય તેને દૂર કરવા તેમજ આયોજનાને ૧૦૦/૧૪૦ એલ.પી.સી.ડી મુજબ સુધારણા યોજનાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઓવરઓલ ૭૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાબરા ગૃપ ઓગમેન્ટેશન યોજનામાં સમાવિષ્ટ ૩૮ ગામ, ૨ પરા વિસ્તાર, ૧ શહેર વિસ્તાર અંતર્ગત બાબરા અને ચમારડી ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. પાઈપલાઈનની કામગીરી પણ પૂર્ણતાના આરે છે. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ કે, રાજયમાં છેવાડાના વિસ્તારો સુધી પીવાનું શુદ્ધ પાણી મળે અને નાગરિકોને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. બાબરા તાલુકામાં પાણી પુરવઠા જૂથ યોજના અન્વયે બાકી રહેતી કામગીરી પ્રગતિમાં છે. મંત્રીએ વધુમાં કહ્યુ કે, બાબરાના કીડી ગામ નજીક પીવાના પાણી માટે સંપ બનાવવાની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સૂચનાઓ આપી હતી. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની મુલાકાત વેળાએ અને સમીક્ષા બેઠકમાં કાર્યપાલક ઈજનેર (પાણી પુરવઠા) અમરેલી પી.જે.વઘાસીયા, કાર્યપાલક ઈજનેર (વાસ્મો) અમરેલી આર.આર.વામજા નાયબ કાર્યપાલક ઈજનેર (બાબરા પાણી પુરવઠા) પરમાર, નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) અમરેલી વિજય રાઠોડ, નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત ઈરીગેશન) અમરેલી પંચાલ, અન્ય અધિકારીઓ કર્મચારીઓ અને નાની કુંડળ ગ્રામજનો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

### ચમારડી સહકારી મંડળીનાં પ્રમુખ જાદવભાઈ વસ્તરપરા દ્વારા

## અમરેલી જિલ્લાનાં કદાવર નેતાં દિલીપભાઈ સંઘાણીની યુવતીને મદદ કરવાની ભાવનાની કદર કરાઈ

### પીડિત દીકરીને ખરા સમયે ઉપયોગી બન્યા




અમરેલી, તા. ૬

અમરેલીમાં એક પત્રને લઈ ભારે વિવાદ જોવા મળ્યો છે ત્યારે તેમાં કોઈ વિવાદમાં પડયા વગર એક પાટીદાર યુવતીને રોજગારી મળે અને આગળ કોઈ ખાનગી જગ્યાએ નોકરી ના કરવી પડે અને આ રીતે ભોગ ના બને તે દિશામાં દિલીપભાઈ સંઘાણીએ પગલું ભરી દીકરી ને બેંકમાં નોકરી આપવાની તૈયારી દર્શાવતા જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને રાજયમાં દિલીપભાઈ સંઘાણીની પ્રશ્રશા જોવા મળી છે

ત્યારે બાબરા તાલુકાના ચમારડી ગામના સહકારી મંડળીના પ્રમુખ જાદવભાઈ વસ્તરપરાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જાહેર જીવનમાં સો રાજનીતિ કરી રહ્યા હતા નિવેદનો આપી રહ્યા હતા પણ દિલીપભાઈ સંઘાણીએ આ બધી બાબતો માંથી ઉઠીને દીકરીના પરિવારના મદદે દોડી ગયા હતા અને એક પિતા તરીકે હૂંફ અને સધિયારો દિલીપભાઈ એ પાટીદારની દીકરીને આપ્યો હતો જેને અમે ખૂબ સરાહના કરી જિલ્લામાં પટેલ સમાજમાં એક મર્દ જેવો માણસ અમારા સમાજમાં છે તેનું અમે કાયમ ગેરવ લેવા ના છીએ તેવું અંતમાં જણાવ્યું હતું.

### માર્ગ બંધ ન કરવાનું કહેતા થયો હુમલો

## હે રામ : નાના માચીયાળા ગામે માર્ગ બંધ કરવા બાબતે ૨ મહિલાને મારી નાખવાની ધમકી

### વિઠુલભાઈ ભાદાણી સહિત ૬ ઈસમોએ કરી માથાકૂટ

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા સોનલબેન નજુભાઈ આલાણી તથા ધ્રુવીલાબેન નામની મહિલાઓ તા. ૩ના રોજ બપોરે ૩:૩૦ના અરસામા નાના માચીયાળા ગામે ચાલીને જતા હતા. ત્યારે તે રસ્તો તે જ ગામે રહેતા વીઠલભાઈ ઠાકરશીભાઈ ભાદાણી સહિતના ૬ જેટલાં લોકો જે.સી.બી.ના ઉપયોગ વડે બંધ કરતા હતા અને તેમણે સોનલબેનને કહેલ કે આ રસ્તે હવે ચાલતા નહીં રસ્તો અમો બંધ કરીએ છીએ. જેથી આ મહિલાઓએ કહેલ કે આ રસ્તેઅમો વર્ષોથી ચાલીએ છીએ. અમારા પુરૂષો સાથે વાત કરી રસ્તો બંધ કરજો. તેમ કહેતા આરોપીઓએ મહિલાઓને ગાળો આપી બાવડું પકડી કહેવા લાગેલ કે આ રસ્તો તારા બાપનો નથી અહીંથી જતી રહે નહીતર તમને બંનેને જાનથી મારી નાખીશુ. તને કોઈ ગોતવા નહિ આવે અને આરોપીઓએ મહિલાઓને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## ચીનમાં ફેલાયેલો વાઈરસ શું છે, કાળજી શું લેવી

અમરેલી, તા. ૬

૨૦૨૪ ડિસેમ્બર માં ચીનના ઈંખડ્ટ વાઈરસ ને કારણે ઘણા લોકો અને બાળકો તેની ઝપેટમાં આવ્યા છે. ચીન દ્વારા કોઈ માહિતી આપવામાં આવતી નથી તેથી વાસ્તવિક ખ્યાલ આવતો નથી તેમજ સોશિયલ મિડિયા માં ભયાનક દ્રશ્યો પણ જોવા મળે છે. આ વાઈરસ કોઈ નવો વાઈરસ નથી ૨૦૦૧ માં નેધરલેન્ડ માં તેની ભાળ મળી આવી હતી

૨૮ બાળકો ને સન માર્ગ ની તકલીફ થતાં Bernadette G Van ની ટિમ દ્વારા તેની વિગતો મેળવવા મા આવી આ વાઈરસ human meta pneumonia virus છે. તેના જનીન દ્રવ્ય ટાઈપ પ્રમાણે મુખ્ય બે પ્રકાર છે hPMV_A અને hPMV_B અને સબ પ્રકાર A1, A2, B1, B2 છે.

વાઈરસ માં RNA, ની એક જ શૃંખલા હોય છે તેની ફરતે ગલાયકો પ્રોટીન, ફોસફો પ્રોટીન, ફયુઝન પ્રોટીન, MATRIX પ્રોટીન હોય છે ઉપરાંત લિપિડનું સ્તર હોય છે

મનુષ્ય ના શ્વસન માર્ગ ની નલિકા ઓનાં અધિચછદીય કોષો ઉપર સ્થાપિત થઈ ને તેના ગલાયકોપરોટીનની મદદથી તેમાં જનીન દ્રવ્ય દાખલ કરી પોતાની સંખ્યા માં વધારો કરે છે. કોષમાં દાખલ થઈ સંખ્યા માં વૃધ્ધિ થતાં ૩થી ૬ દિવસ માં તેની અસર શરૂ થાય છે. શરદી, ઉધરસ ,નાક માંથી પાણી પડવું, શ્વાસ લેવા મા તકલીફ, ગળ ઇમાં ખારાશ તથા સોજો, તાવ આવવો, ભૂખ ન લાગતી જેવા લક્ષણો જોવા મળે છે ૧૪ વર્ષ થી નાના બાળકો ,બિમાર વૃધ્ધ લોકો જલ્દી થી સંક્રમિત થાય છે આ માટે કાળજી કોરોના સમયમાં કાળજી રાખતા તે તમામ કાળજી રાખવી જરૂરી છે. Immunity સારી હોય તો વધારે સારૂ કોરોનાની જેમ ખતરનાક બની શકે તેવી શક્યતા ઘણી ઓછી છે કોરોના વાઈરસ વારંવાર રૂપાંતરિત હતો તેથી શરીર ની રોગ પ્રતિકારક શક્તિ માટે પણ મુશ્કેલ હતું.

આ વાઈરસ પક્ષી ઓમા જોવા મળતા AMPV સાથે રચનાત્મક સામ્ય ધરાવે છે, નવો ઉદભવેલો વાઈરસ નથી કોઈ પણ આવનારી મહામારી માટે સાવચેતી જરૂરી છે, ભય પામવું કે ચિંતા કરવી હિતાવહ નથી ગુજરાત સરકારે આ માટે જરૂરી કિટ ઉપલબ્ધ કરવાની વ્યવસ્થા કરી છે આપણા આરોગ્ય મંત્રી શ્રી રૂષિકેશ પટેલ દ્વારા તેની તાત્કાલિક વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આપણા શ્વસન માર્ગ અને ફેફસાંને સ્વસ્થ રાખીએ તે આવશ્યક છે. એસિડીક અસર વાળા માપ્રયમ માં આ વાઈરસ જલ્દી સ્થાપિત થઈ શકે છે તેથી શ્વસન માર્ગ સ્વસ્થ રાખવો જરૂરી છે આપણા રસોડામાં રહેલી એષધિ આ સમયે ખૂબ જ ઉપયોગી છે. યોગ્ય માત્રામાં, યોગ્ય રીતે તેનો ઉપયોગ ખૂબ જ અસરકારક છે આપણા રસોડામાં બાદિયાન આદુ, લવિંગ, એલચી, તમાલપત્ર, કાળાં મરી, સફેદ મરી, પીપરીમૂળ, અજમા , ઉપરાંત સરળ ઉપલબ્ધ ગળો, તુલસી, જેઠીમધ, અશ્વગંધા ,આંબળા, હળદર છે. થોડી કાળજી રાખવી, ભયાવહ મેસેજ શેર ન કરવા સરકાર દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવે છે, સરકારની સૂચના નું પાલન કરવું.

**બિપીનભાઈ જોશી**
**(જીવ શાસ્ત્રી)૯૪૨૭૨૩૦૬૮૩**

## બાબરા : તા.૨૨ જાન્યુએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨ જાન્યુઆરી,૨૦૨૫ના રોજ બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો, ફરિયાદો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ જાન્યુઆરી,૨૦૨૫ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું.

### શિક્ષકો સાથે પોસ્ટ ઓફિસની મુલાકાતે લઈને

## ગાવડકા પોસ્ટ ઓફિસની કામગીરીની માહિતી મેળવતા પ્રાથમિક શાળાનાં બાળકો

### પોસ્ટકર્મીઓએ બાળકોનું સ્વાગત કર્યુ



અમરેલી, તા. ૬

પાઠશાળા ગાવડકાના ધો. ૩ તથા ધો. ૮ના વિદ્યાર્થીઓએ ગાવડકા પોસ્ટ ઓફિસની મુલાકાત કરેલ. ધોરણ ૮નાં ઉ.શિ. કોકીલાબેન બાબુભાઈ કાનપરીયા તથા ધો. ૩ના ઉ.શિ. નિહારિકાબેન અરૂણભાઈ પાઠકે પ્રા.શાળાના વિદ્યાર્થીઓને લઈ શિક્ષણના ભાગરૂપે પોસ્ટ ઓફીસની મુલાકાત કરેલ. ગાવડકા બ્રાંચ પોસ્ટ માસ્તર કિશોરભાઈ કે મહેતાએ પોસ્ટ ઓફિસમાં ચાલતી યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી જેવી કે, પોસ્ટમાં મળતા પોસ્ટ કાર્ડ આતંર દેશીય કવર રિપ્લાય તથા RPLAY, PLY, SB, RD, TD, SSA, PPE, MIS, તથા SCSC, IPPSની પણ માહિતી આપેલ તથા રજીસ્ટર્ડ પાસે સ્પીડ પોસ્ટ વિગેરેની માહિતી આપેલ. આ કાર્યક્રમમાં હસમુખભાઈ રાવલને સહયોગ પ્રાપ્ત થયેલ.

### આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ પ્રથમ દિવસે જ

## ગુજરાતમાં સૌપ્રથમ અમરેલી જિલ્લામાં દિવ્યાંગોની સહકારી મંડળીની સ્થાપના

### જિલ્લા સહકારી મંડળીનાં રજીસ્ટરે નિવેદનમાં જણાવ્યું હતું

અમરેલી,તા.૬

સહકાર થી સમૃદ્ધિ સંકલ્પના તળે દિવ્યાંગોને પણ સહકારી ક્ષેત્રનો લાભ મળે તેવા ઉદાર હેતુથી અમરેલી જિલ્લા દિવ્યાંગ શરાફી અને ગ્રાહક સહકારી મંડળીનો પ્રારંભ થયો છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે તા.૨૫ થી તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન ૧૦૦ દેશોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં International Co-Operative Allianceની કોન્ફરન્સ યોજાઈ હતી. કોન્ફરન્સમાં વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવવાના ભારત સરકારના પ્રસ્તાવને ICA એ સ્વીકારી વર્ષ–૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ભારત સરકારે સહકારી ચળવળને મજબૂત બનાવવા માટે વર્ષ–૨૦૨૧માં અલગ સહકાર મંત્રાલયના નિર્માણ બાદ સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા વિવિધ નવી પહેલોની શરૂઆત કરવામાં આવી છે. રાજયના દરેક ગ્રામ્ય વિસ્તારને સહકારી ક્ષેત્રથી આવરી લેવા માટે રાજય વ્યાપી અભિયાન શરૂ છે ત્યારે અમરેલી જિલ્લામાં દિવ્યાંગજનોને પણ સહકારી ક્ષેત્રનો લાભ મળે તે આશયથી દિવ્યાંગોની સહકારી મંડળીની નોંધણી આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ–૨૦૨૫ ના પ્રથમ દિવસે જ કરવામાં આવી છે. ભારતના બંધારણની કલમ–૪૧ માં પણ દિવ્યાંગોના કલ્યાણનો ઉલ્લેખ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે. જિલ્લાના દિવ્યાંગજનોને વિવિધ ધંધા – રોજગાર માટે ઓછાં વ્યાજના દરે ધિરાણ મળી રહે, ભવિષ્યમાં કે.સી.સી. ધિરાણનો લાભ મળે તેમજ વિવિધ ગ્રાહક પ્રવૃતિઓ હાથ ધરી સ્વનિર્ભર બને અને સહકારથી સમૃદ્ધિ તરફ વળે તે અર્થે જિલ્લામાં નવતર પહેલ છે, તેમ અમરેલી જિલ્લા સહકારી મંડળીના રજિસ્ટ્રાર સંદીપ અણિયાળિયાએ જણાવ્યુ છે.

# બાબરાનાં સ્વામીનારાયણ મંદિરે આસ્થાભેર દિવ્ય શાકોત્સવ યોજાયો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં આવેલ સ્વામીનારાયણ મંદિરે પૂ. સદગુરૂ ભક્તિસતંભવદાસજી સ્વામીની પ્રેરણાથી ધર્મવલભદાસ સ્વામીના આયોજન હેઠળ ખૂબ સુંદર રીતે શાકોત્સવ ઉજવવામાં આવ્યો. શાકોત્સવ અંતર્ગત બાળ કલાકાર સિદ્ધરાજ સિંધવે હાસ્યની રમઝટ દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો ત્યારબાદ કથાના વકત્તા પૂ.સર્વમંગલ સ્વામીએ કથાવાર્તા દ્વારા ભકત્તોને રસ તરબોળ કર્યા હતા શાકોત્સવમાં અમરેલીથી પૂ.ભક્તિસંભવ સ્વામી, પૂ. શુક સ્વામી અને પૂ. હરિસ્વરૂપ સ્વામી વગેરે પધાર્યા હતા છેક ધંધુકાથી પૂ. ઘનશ્યામ સ્વામી તથા જયપ્રકાશ સ્વામી પધાર્યા હતા અને પૂ. ગુરૂ ભક્તિસંભવદાસજી સ્વામીએ અંતમાં રૂડા આશિષ પાઠવ્યા હતા. આ શાકોત્સવના દિવ્ય કાર્યક્રમમાં બાબરાથી ગોરધનભાઈ વૈદ્ય, સુનિલભાઈ પટેલ, કાળુભાઈ સોની, બાવાબાપા હીરપરા, ઘનશ્યામભાઈ ભંડેરી, ખોડીદાસભાઈ ભંડેરી વગેરે આગેવાન મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાઅને અમરેલીથી ૪૫૦ ઉપરાંત ભકતો પધાર્યા હતા તે ઉપરાંપ પીઠવડી, નાની કુંકાવાવ, જીવાપરા, પાનસડા, ખાખરીયા, રીકડીયા, રાજકોટ વગેરેથી બહોળી સંખ્યામાં ભકત્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ શાકોત્સવમાં શિવમ સ્ટુડિયો અમરેલીનો સેવા સહયોગ તથા ઘણા યજમાનોએ આર્થિક સહયોગ આપ્યો હતો. શાકોત્સવને સફળ બનાવવા પૂ.ધર્મવલ્લભ સ્વામી, પૂ.સર્વમંગલ સ્વામી, પૂ. પવિત્ર સ્વામી તથા બાબરાના પુરૂષ ભકત્તો અને મહિલા ભકત્તો તથા અમરેલીના આત્મીય યુવાનોએ ખૂબ મહેનત કરી હતી.






## ક્યાં અને કેવી રીતે માર્ગ બનાવવા તેની ગાઈડલાઈનનો થાય છે ઉલાળીયો

# લ્યો બોલો : અમરેલીમાં સારા માર્ગો વધુ સારા બને અને બિસ્માર માર્ગ જૈસે થે

હયાત અને સારી હાલત ધરાવતાં માર્ગોને તોડી પાડીને તેજ સ્થળે નવો માર્ગ બનતો હોય શહેરીજનોમાં આશ્ચર્ય

એકનાં એક માર્ગને નવો બનાવવામાં શું કારણ છે તે શહેરીજનો સમજી શકતા નથી

પાલિકાનાં વિપક્ષી નેતાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને બિસ્માર માર્ગોનું નવિનીકરણ કરવા માંગ કરી

માર્ગો બનાવવામાં કોઈ ગેરરીતિ તો થતી નથી ને તેની વિજીલન્સ ટીમ મારફત તપાસ જરૂરી બની



અમરેલી, તા. ૬

અમરેલી પાલિકા દ્વારા શહેરમાં સારા માર્ગોને તોડીને વધુ સારા માર્ગો બનાવવામાં આવી રહ્યા છે અને જયાં માર્ગો બિસ્માર છે અથવા તો માર્ગ જયાં છે નહી ત્યાં માર્ગો બનાવાતાં નથીનો આક્ષેપ પાલિકાનાં વિપક્ષી નેતા સેજલબેન સોલંકીએ કર્યો છે.

તેઓએ ચીફ ઓફિસરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નરગપાલિકા શહેરી વિસ્તારોમાં જે રસ્તાઓ બનાવેલ હતા તે રોડ રસ્તાઓ હાલ સારી કંડીશનમાં છે. જયારે અમુક વિસ્તારોમાં હજુ રોડ રસ્તા બનેલ નથી.

અનુસંધાન પાના ૬ ઉપર






## જિલ્લા વિકાસ અધિકારીએ દિન-૩માં જવાબ આપવા તાકીદ કરી

# અમરેલીનાં બહુ ચર્ચિત લેટર કાંડનાં આરોપી અશોકભાઈ માંગરોળીયાને જસવંતગઢના સરપંચ પદેથી દૂર કરવા કારણ દર્શન નોટિસ

જાહેર સેવકને ન છાજે તેવુ કૃત્ય કરેલ જે નૈતિક અધઃપતન ગણવાને પૂરતું હોવાનું જણાવ્યું

અમરેલી, તા. ૬

અમરેલીનાં બહુ ચર્ચિત લેટર કાંડનાં આરોપી અને જસવંતગઢ

અનુસંધાન પાના ૬ ઉપર








*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)